... 2003 05:20 AM ... OF MDM ... GH.GANDHINAGAR 07923251004 P.2

બિન સરકારી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાના ફાજલ શિક્ષકો / કર્મચારીઓને રક્ષણ આપવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક : ઉમશ-૧૧૯૬-ઇએમઆર-૩૦૧-ગ.૧
સચિવાલય, ગાંધીનગર.
તા. 27 AUG 2003

વંચાણેલીધા:- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજના અને શાળાઓની કચેરીનો તા.૧-૮-૨૦૦૩નો પત્ર ક્રમાંક: ક્રમબ-ઉમા-૨-2003-૦૪-૧૧૯૬૧.

ઠ રા વ :

ચાલુ વર્ષે ધોરણ-૧૦નું પરિણામ માત્ર ૪૨.૯૭ ટકા આવેલ છે જેને કારણે ઘણી શાળાઓમાં ધોરણ-૧૧ની વિદ્યાર્થી સંખ્યા ખુબ ઓછી છે. આને કારણે વર્ગ ઘટાડો કરવો જરૂરી બનેલ છે. આ ઉપરાંત જે શાળાઓમાં શૂન્ય વિદ્યાર્થી સંખ્યા છે તેવી શાળાઓના શિક્ષકોને તાત્કાલિક ધોરણે અન્યત્ર ખસેડવા જરૂરી છે આ માટે ઉપર આમુખમાં દર્શાવેલ કમિશ્નરશ્રી મધ્યાહન ભોજન યોજના અને શાળાઓની કચેરીના તા.૧-૮-૨૦૦૩ના પત્રથી ફાજલ શિક્ષકો/કર્મચારીઓને સમાવવામાં પડતી મુશ્કેલીઓ નિવારવા કરેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ કાર્યવાહી કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) જે શિક્ષકોને ફાજલનું રક્ષણ મળવાપાત્ર હોય તેવા શિક્ષકોને ફાજલ જાહેર કરવા અને ફાજલ થયેલ શિક્ષકને તેજ જિલ્લામાં સમાવવાની કામગીરી જિલ્લા શિક્ષણાધિકારી કરશે. જો તે જ શાળામાં માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિકમાં અન્ય જગ્યા હોય તો તેમાંજ પ્રથમ સમાવવાના રહેશે. જો તે શાળામાં જગ્યા ન હોય તો પ્રથમ સંબંધિત તાલુકામાં પછી નજીકના તાલુકામાં અથવા પછી જિલ્લામાં અન્ય ખાલી જગ્યામાં મૂકવા. જો કોઇ શિક્ષક અન્ય શાળાની સંમતિ લાવે તો તેને તેમાં મૂકવા.

(૨) આ માટેની સત્તા સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીને આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બચુભાઇ નાયી)
ઉપસચિવ,
શિક્ષણ વિભાગ

પ્રતિ,
માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
... શિક્ષણ વિભાગના સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
નાણાં સલાહકારશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજના અને શાળાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
2157417